ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



## વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

# જિલ્લામાં ૮ સરકારી ગોડાઉનો આવેલા છે : પુરવઠામંત્રી

ગાંધીનગર, તા. ૪

આજે રાજ્ય વિધાનસભા ગૃહની બેઠક ચાલુ હતી. આજે ગૃહમાં નાણાં, ઊર્જા, પેટ્રોકેમિકલ, જળસંપત્તિ, પાણી પુરવઠા, સહકાર તેમજ અન્ન નાગરિક પુરવઠાના પ્રશ્નો પ્રશ્નોત્તરીમાં રજુ થયા હતા. આજે ગૃહમાં પૂરક માંગણીઓ પરની ચર્ચામાં માણસાના ધારાસભ્ય જે.એસ. પટેલે ભાગ લીધો હતો. તેમણે તેમના પ્રવચનમાં પંડિત દિનદયાલ ઉપાધ્યાયનો ઉલ્લેખ કરી સરકારે લીધેલા પ્રજાભિમુખ કામોને બિરદાવ્યા હતા.

આજે પ્રશ્નોત્તરીમાં દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણનો પ્રશ્ન પ્રથમ ક્રમાંક પર હતો.

અનુ. સૂચિત જાતિ પેટા યોજના હેઠળ જિલ્લામાં અપાયેલા વીજ જોડાણો અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રી ઉર્જાએ જણાવ્યુ હતુ કે ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૬૫૨ વીજ જોડાણ અનુ. જાતિ પેટા યોજના હેઠળ આપવામાં આવ્યા છે.

આ વીજ જોડાણો આપવા પાછળ રૂ. ૫૨.૪૭ લાખનો ખર્ચ થયો હોવાનું પણ મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ.

**● જિલ્લામાં અનાજ વિતરણ**

ગાંધીનગર(દ)ના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ વિતરણ થયેલ અનાજના જથ્થા અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં નાગરિક પુરવઠા મંત્રીએ જણાવ્યુ હતુ કે ફેબ્રુ.-૨૨ થી ડિસે.-૨૨ સુધીમાં ૪૩,૫૧૧ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો ૨૦૧૩ હેઠળ ૪૦૬૬ મે.ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યુ છે. આમ જિલ્લામાં ૪૭,૫૭૭ મે.ટન અનાજનું વિતરણ કરવામાં આવ્યુ છે.

સસ્તા અનાજની દુકાનોમાંથી મળતા અનાજના જથ્થામાં ૨૦૦ થી ૫૦૦ ગ્રામની ઘટ રહેતી હોવાની ફરિયાદો ઉઠી છે. આ માટે યોગ્ય કાર્યવાહીની માંગ અલ્પેશ ઠાકોરે કરી હતી.

મંત્રીશ્રીએ સભ્યોના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૮ ગોડાઉનો આવેલા છે. જે પૈકી કલોલમાં ૨, ગાંધીનગરમાં ૩, દહેગામમાં ૨, માણસામાં ૧ ગોડાઉન આવેલ છે. આ ગોડાઉનોની સંગ્રહશક્તિ ૯૭૦૦ મે.ટન છે.

**● ઝુંપડાના વિજળીકરણ**

માણસાના ભાજપના ધારાસભ્ય જે.એસ. પટેલે જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ અપાયેલા વીજ જોડાણો અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીશ્રીએ જણાવ્યુ કે જિલ્લામાં ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ ૨૦૬૫ વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે આ જોડાણો આપવા પાછળ રૂ. ૧૧૩.૪૩ લાખનો ખર્ચ થયેલ છે.

**● અને છેલ્લે...**

રાજ્યમાં ૩૧-૧-૨૩ની સ્થિતિએ ૪૪૭ કંપનીઓ પાસેથી રૂ. ૧૦ કરોડ કે તેથી વધુ રકમની વેટની વસુલાત બાકી છે તેમ નાણામંત્રીશ્રીએ કોંગી સભ્ય અનંત પટેલના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

# શહેરમાં ગરમીનુ જોર વધ્યું : લઘુત્તમ તાપમાન પણ ચાર ડીગ્રી ઉંચકાયુ

**ગરમીનો પારો છેલ્લા ચાર દિવસથી ૩૮ ડીગ્રીએ : ગઇકાલની સાપેક્ષમાં ઠંડીમાં ૪ ડીગ્રીનો ઘટાડો : રાત્રિના પણ ગુલાબી ઠંડી ગાયબ થઇ**

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં એકબાજુ ગરમીનો પારો ઉંચકાતો જાય છે. જયારે લઘુત્તમ તાપમાન પણ વધી રહ્યુ છે. છેલલા ચાર દિવસથી ગરમીનો પારો ૩૮ ડીગ્રી નજીક રહે છે. જેના લીધે દિવસનો તાપ વધુ આકરો બનતો જાય છે. બીજીતરફ આજે દિવસ દરમિયાન આકરા તાપ વચ્ચે વાદળોની અવરજવર પણ જોવા મળી હતી. જેના લીધે આંશિક વાદળિયા વાતાવરણ વચ્ચે મોસમ પલ્ટાની અસર પણ નગરજનોએ અનુભવી હતી. આજે ગરમીનો પારો ૩૮ ડીગ્રીએ પહોચી ગયો હતો જયારે લઘુત્તમ તાપમાન પણ ચાર ડીગ્રી ઉપર આવતા ઠંડીનો પારો ૨૧ ડીગ્રી નજીક આવી ગયો હતો જેના લીધે હવે રાત્રિના સમયે પણ નગરજનો ગરમીનો એહસાસ કરી રહ્યા છે.

ગાંધીનગરમાં ઠંડીની મોસમે જમાવટ કર્યા બાદ હવે ધીમે ધીમે ગરમીનો પારો ઉંચકાઇ રહ્યો છે. શહેરમા છેલ્લા એક સપ્તાહથી ગરમીનુ પ્રમાણ વધી રહ્યુ છે. છેલ્લા ચાર પાંચ દિવસથી મહત્તમ તાાપમાન ૩૮ ડીગ્રી નજીક રહેતા નગરજનો દિવસ દરમિયાન ઉનાળાનો આકરો તાપ અનુભવી રહ્યા છે. બીજીતરફ લઘુત્તમ તાપમાન પણ હવે ૧૬ ડીગ્રીથી ઉંચકાઈને ૨૧ ડીગ્રી સુધી પહોંચી જતા વહેલી સવારે અને રાત્રિના સમયે અનુભવાતી ગુલાબી ઠંડી પણ અદ્રશ્ય થઈ ગઈ છે. આજે પણ લઘુત્તમ તાપમાન ૪ ડીગ્રી ઉંચકાયુ હતુ. ગરમીનો પારો ગઈકાલની જેમ ૩૭.૮ ડીગ્રીએ સ્થિર રહ્યો હતો. જયારે ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન ૪ ડીગ્રી ઉપર આવતા હવે લઘુત્તમ અનો મહત્તમ તાપમાન વચ્ચેનો તફાવત ઘટતો જાય છે. હવામાન તજજ્ઞોના મતે માર્ચ મહીના દરમિયાન સતત વાતાવરણ પલ્ટાની પણ અસર જોવા મળશે. જયારે આજે પણ સવારે અનો સાંજના સમયે આકાશમાં વાદળોનો ઘેરાવ જોવા મળ્યો હતો જો કે વાદળિયા વાતાવરણની આંશિક અસર વચ્ચે પણ ગરમીનુ પ્રમાણ યથાવત રહ્યુ હતુ. આગામી દિવસોમાં પણ વાાતાવરણમાં સતત બદલાવની અસર જોવા મળશે. હવામાન તજજ્ઞોના મતે આગામી દિવસોમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રી સુધી

● અનુસંધાન પાન-૭ પર

# હોળી-ધુળેટીના પર્વને અનુલક્ષી દાહોદ, ઝાલોદ, સંતરામપુર રૂટમાં વધારાની બસ સેવા આરંભાઈ

ગાંધીનગર તા ૪

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા શહેરી બસ સેવા ઉપરાંત તહેવારો કે સરકારી કાર્યક્રમો અને લગ્નવર્ધિમાં વધારાની બસ સેવા પુરી પાડવામાં આવે છે. જયારે તહેવારોના દિવસોમાં ટ્રાફિકને અનુલક્ષીને વધારાની બસ સેવાના રૂટનુ આયોજન કરવામાં આવે છે. આગામી હોળી ધુળેટીના પર્વને અનુલક્ષીને ડેપો કક્ષાએ આજથી દાહોદ ઝાલોદ, સંતરામપુર લુણાવાડા પંચમહાલ સહીતના વિસ્તારમાં ૧૦ જેટલી બસો દોડવવા માટે આયોજન કરી દેવાયુ છે. રૂટમાં વધતા ટ્રાફિકને અનુલક્ષી બસ સેવા પુરી પાડવામાં આવશે

**ગાંધીનગર ડેપો દ્વારા હોળીના પર્વને અનુલક્ષી ટ્રાફિકને પહોંચી વળવા રૂટમાં ૧૦ જેટલી બસો દોડાવાશે**

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા લગ્નવર્ધિની સિઝનમાં પણ બસ સેવા પુરી પાડવામાં આવે છે. જયારે લગ્નવર્ધિ ઉપરાંત સરકારી તેમજ ધાર્મિક કાર્યક્રમોમાં પણ ટ્રાફિકને અનુલક્ષી બસોને વિવિધ રૂટમાં દોડવાય છે. ગાંધીનગર ડેપો દ્વારા શહેરી બસ સેવાના વિવિધ રૂટો ઉપરાંત સચિવાલયના કર્મચારીઓ માટે સ્ટાફ બસ સેવાનુ પણ સંચાલન કરવામાં આવે છે. જો કે હવે સરખેજ સહીતના વિવિધ રૂટમાં ઈલેકટ્રીક બસ સેવા પણ શરૂ કરી દેવામાં આવી છે. જેના લીધે મુસાફરોને આરામદાયક મુસાફરીની સેવા ઉપલબ્ધ થઈ છે. આગામી બોર્ડ પરીક્ષાને અનુલક્ષીને પણ એસ ટી ડેપો કક્ષાએથી ગ્રામ્ય વિસ્તાર ઉપરાંત જરૂરી પરીક્ષા કેન્દ્રોને અનુલક્ષી બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત એસ ટી ની મુસાફર પાસ યોજનાનો પણ મોટી સંખ્યામાં મુસાફરો લાભ લે છે. છેલ્લા બે મહીના દરમિયાન જ એસ ટી ડેપોએ લગ્નવર્ધિની બસ સેવા અન્વયે અંદાજિત રૂ ૨.૬૨ લાખની આવક કરી છે. જયારે આ દરમિયાન લગ્નવર્ધિ માટે ડેપોએ ૪૧૨૧૨ કી મી રૂટમાં બસનુ સંચાલન કર્યુ હતુ. આ ઉપરાંત દિવાળી , સાતમ આઠમ અને નવરાત્રિ અને હોળી ધુળેટીના પર્વને અનુલક્ષીને પણ એસ ટી ડેપો દ્વારા વધારાની બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે. હોળીના પર્વ દરમિયાન શહેરમાં કામ કરતા શ્રમિકો તેમજ ઘર ઘાટીઓ પણ પોતાના વતનમાં જાય છે. જયારે ઘણાં ખરા પરિવારનો પણ પોતાના વતનમાં હોળીનુ પર્વ મનાવે છે. જેને અનુલક્ષીને પ્રતિવર્ષ ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર

# સંસ્કૃતિ કુંજ ખાતે ૧૧મીથી દસ દિવસીય વસંતોત્સવ

**તારીખ ૧૧ થી ૨૦ માર્ચ દરમિયાન વસંતોત્સવ યોજાશે જેમાં દરરોજના છ થી સાત લોકનૃત્ય રજૂ કરાશે : ગુજરાતી કલાકારોની જમાવટ પણ રહેશે**



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના આંગણે યોજાતો વસંતોત્સવ આ વર્ષે પણ ભવ્ય રીતે યોજાવા જઈ રહ્યો છે. ગાંધીનગરાઓ ઉપરાંત આસપાસના ગામડાના નાગરિકો જેની આતુરતાથી રાહ જોતા હોય છે તે વસંતોત્સવ આ વર્ષે તારીખ ૧૧મી માર્ચથી ૨૦મી માર્ચ દરમિયાન સંસ્કૃતિકુંજ ખાતે યોજાશે. આ વખતનો વસંતોત્સવ એક રીતે છેલ્લો કહી શકાય. જેમાં સંસ્કૃતિકુંજના જુના રૂપરંગમાં આયોજીત કરાશે ત્યારબાદ આવતા વર્ષે સંસ્કૃતિ કુંજનું રિનોવેશન કરવાનું હોય આવતા વર્ષે નવા રંગરૂપમાં વસંતોત્સવની ઉજવણી કરવામાં આવશે તેમ કહી શકાય.

સાબરમતી નદીના પટની કોતરોમાં પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે કુદરતના ખોળે બનેલા સાંસ્કૃતિક કુંજમાં વસંતોત્સવ દર વર્ષે ભવ્ય રીતે ઉજવવામાં આવે છે. વસંતોત્સવ વર્ષ ૧૯૯૬થી ગાંધીનગરના સાંસ્કૃતિક કુંજ ખાતે યોજાતો સાંસ્કૃતિક લોક ઉત્સવ છે જેની પાટનગરના કલારસિક વર્ગ દ્વારા આતુરતાપૂર્વક રાહ જોવાય છે. વસંતોત્સવને તારીખ ૧૧મી માર્ચે ખુલ્લો મુકાશે. જેમાં ભારતના અને રાજ્યના વિવિધ જાણીતા લોકનૃત્યો રજુ કરાય છે. દસ દિવસ દરમિયાન રોજના છ થી સાત લોકનૃત્ય અહીં રજૂ કરવામાં આવશે. જેમાં આ વર્ષે ગુજરાતના સુપ્રસિદ્ધ ગરબા ઉપરાંત ડાંગ જિલ્લા દ્વારા ડાંગી નૃત્ય, તાપી જિલ્લામાંથી ઢોલ નૃત્ય,

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૪૦ મહેસુલી તલાટીઓની એક સાથે બદલીના હુકમો કરાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા આજે એક સાથે ૪૦ મહેસુલી તલાટીઓની બદલીના હુકમો જારી કરતાં જિલ્લાતંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૭-૧૮થી આ તલાટીઓ એક જ સ્થાન પર ફરજ બજાવી રહ્યા હતા. આજે જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા આ બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે અને તાત્કાલિક નવી નિમણુંકની જગ્યા પર હાજર થવા માટે તાકીદ પણ કરવામાં આવી છે.

જિલ્લામાં મહેસુલી વસુલાત અને પંચાયતી વસુલાત છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છે. રાજ્ય સરકારે એક જ સ્થાન પર ત્રણ વર્ષથી ફરજ બજાવતા હોય તે તમામની બદલીના કરેલા આદેશ પછી તંત્રએ આજે મહેસુલી તલાટીઓની બદલીના આદેશો જારી કર્યા છે.

મહેસુલી તલાટીઓની આ સામુહિક બદલીથી તંત્રમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. જિલ્લાતંત્રમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા પછી કલેક્ટરશ્રી દ્વારા તંત્રમાં બદલીઓનો દોર આરંભ્યો છે અને તંત્રને વધુ ગતિશીલ તેમજ પ્રજાભિમુખ બનાવવાની દિશામાં પગલાં લીધા છે.





# દાયકાઓના અંતે હવે પાટનગર યોજના ભવનમાં લીફટ મુકવા માટે વિચારણા

**ભવનમાં આવતા સિનિયર સિટીઝન્સ તેમજ વિકલાંગ વ્યકિતઓ દુવિધાથી પરેશાન : લીફટ માટે દરખાસ્ત કરવામાં આવી કામને મંજુરી આપવામાં આવે તો લીફટ મુકવા માટે આગળ આયોજન કરાશે**

ગાંધીનગર તા ૪

ગાંધીનગરના સે-૧૬ માં સ્થિત પાટનગર યોજના ભવનના દાયકાઓ જુના બિલ્ડીંગમાં રીનોવેશનની અનિવાર્યતા હોવાનો સુર અનેકવાર ઉઠવા પામે છે. જયારે ભવનની મુલાકાતે આવતા સિનિયર વ્યકિતઓ કે વિકલાંગોને લીફટની સુવિધા વિના પણ હાલાકી વેઠવી પડે છે. જેને અનુલક્ષીને દાયકાઓના અંતે પાટનગર યોજના ભવનમાં લીફટ મુકવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા લીફટ મુકવા માટે દરખાસ્ત કરી દેવામાં આવી છે. લીફટ મુકવા માટે અંદાજિત રૂ ૪૫ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડીને કાર્પોરેટ લુક ધરાવતા નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. જયારે સ્માર્ટ થતા નગરમાં માળખાગત સુવિધાઓ પણ અપગ્રેડ કરવામાં આવી રહી છે. પાણી ગટરની નવી લાઈન તેમજ સેકટરોના એપ્રોચ અને રીંગ રોડની સુધારણા અને વાઈડનીંગ માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ દરમિયાન શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ વિભાગની સરકારી કચેરીઓની ઓળખ પણ બદલાઈ રહી છે. નગરના ઘ માર્ગ પર નવુ સહયોગ સંકુલ અને જિલ્લા કેલકટર કચેરીનુ બિલ્ડીંગ બાંધવામાં આવ્યા બાદ સે- ૧૦માં પણ બોર્ડ નિગમની વિવિધ કચેરીઓનુ તબક્કાવાાર રીનોવેશન કરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત સે- ૧૧ માં પણ નવા કોર્ટ બિલ્ડીંગનુ બાંધકામ કરવામાં આવનાર છે. ત્યારે નવા આવાસોની જેમ જુની સરકારી કચેરીઓના બિલ્ડીંગમાં જરૂરી રીનોવેશન પણ કરવામા આવી રહ્યુ છે. દાયકાઓ પુર્વે અસ્તિત્વમાં આવેલી કચેરીઓમાં મુલાકાતીઓ કે કર્મચારીઓ માટે પુરતી સુવિધા ન હોવાના લીધે પણ હાલના સમયમાં રાજબરોજ અનેક દુવિધાઓ વેઠવાનો વારો આવે છે. શહેરના સે-૧૬ માં સ્થિત પાટનગર યોજના ભવનના બિલ્ડીંગમાં પણ એક દાયકા પુર્વે ફર્નિચરનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ પાર્ટીશન ફર્નિચરના કન્સેપ્ટના લીધે કર્મચારીઓ હાલ પણ ગરમીની સિઝનમાં ગભરામણ અનુભવી રહ્યા છે. જયારે હાલ ટાઈલેટ બ્લોકની હાલત પણ કંગાળ છે. જેના લીધે ગંદકી ખદબદતી હોવાની પણ ફરિયાદો ઉઠવા પામી છે. આ ઉપરાંત ભવનના વર્ષો જુના બિલ્ડીંગમાં કર્મચારીઓ અને મુલાકાતીઓ માટે પુરતી સુવિધા પણ નથી જેના લીધે કર્મચારીઓ પણ પરેશાની ભોગવી રહ્યા છે. ત્યારે પાટનગર યોજના ભવનના ટોઈલેટ બ્લોકના રીનોવેશન કરવા ઉપરાંત યોગ્ય સફાઈ વ્યવસ્થા ગોઠવાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગ્રાઉન્ડ પ્લસ ત્રણ મજલાના આ બિલ્ડીંગમાં અગાઉના નિયમની જેમ લીફટની સુવિધા થઈ શકી નથી જેના લીધે વર્ષોથી ભવનમાં આવતા વિકલાંગ વ્યકિતઓ કે સિનિયર સિટીઝન્સને ભારે તકલીફનો સામનો કરવો પડે છે. આવા સંજોગોમાં ભવનના બિલ્ડીંગમાં નવી જોગવાઈ મુજબ લીફટ નાંખવામાં આવે તેવી માંગ પણ લાંબા સમયથી ઉઠવા પામી છે. આ સ્થિતિ વચ્ચે પાટનગર યોજના ભવનના ઈલેક્ટ્રીક ડિવીઝન કક્ષાએથી લીફટનુ કામ હાથ ધરવા માટે બજેટલક્ષી દરખાસ્ત પણ તૈયાર કરીને મોકલી દેવામાં આવી છે. ભવનમાં લીફટની સુવિધા ઉભી કરવા પાછળ અંદાજિત રૂ ૪૫ લાખનો ખર્ચ થાય તેમ છે. દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ આગામી દિવસોમાં પાટનગર યોજના ભવનમાં લીફટ નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવે તેવી પણ સંભાવના છે.

## મહિલા દિવસની ઉજવણી અંતર્ગત રૂપાલમાં સાયકલ યાત્રા

ગાંધીનગર, તા. ૪

વિશ્વ મહિલા દિવસની ઉજવણી અંતર્ગત આજે રૂપાલ પ્રા.આ. કેન્દ્ર ખાતે ખાસ સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. હેલ્થી વુમન હેલ્થી ઈન્ડિયા થીમ પર આ સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે.

રાજ્યની પ્રજામાં શારિરીક કસરત થાય તેવી પ્રવૃત્તિઓ, માનસિક સ્વાસ્થ્ય અને પ્રદૂષણ રહિત સ્વાસ્થ્ય જળવાય તે માટે સાયકલ ફોર હેલ્થનો આ કાર્યક્રમ આરોગ્યતંત્ર દ્વારા યોજવામાં આવ્યો છે. રૂપાલ પ્રા.આ. કેન્દ્રથી આ સાયકલયાત્રા આરંભાશે અને તે માટેની તૈયારીઓ તંત્ર દ્વારા પુરી કરી લેવામાં આવી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com